વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,
ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં-૬, બીજો-ત્રીજો માળ, જુના સચિવાલય,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦

ટેલિફોન નં. 079-23251365 ઇ-મેઇલ નં. Cottax2016@gmail.com

નં.ટેક્ષ/અખિ.ગુ.ટ્ર.ટ્રા.એ./રજુઆત /ઓન- 1075
તારીખ :

20 FEB 2017

પ્રતિ,
શ્રી મુકેશભાઇ સી.દવે
માનદમંત્રીશ્રી, અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન,
૭૫,સહજાનંદ શોપીંગ સેન્ટર,સ્વામી નારયણ મંદિરની સામે,
શાહીબાગ રોડ,અમદાવાદ

વિષય : ટ્રાન્સપોર્ટ ઉધ્યોગને લગતાં અગત્યના મુદ્દાઓની રજુઆત કરવા બાબત
અનુ. : (૧) આપનોપત્રનં.એજીટીટીએ/૨૦૧૬-૧૭/૧૯તા.૦૬/૦૨/૨૦૧૭ અન્વયે.
(૨) માન.મત્રીશ્રીના કાર્યાલયનો પત્ર તા. તા.૧૦/૦૨/૨૦૧૭ અન્વયે.
(૩) વિભાગનો પત્ર નં.એમવીડી/૧૦૨૦૧૭/૩૬૪/ખ તારીખ વગરનો પત્ર

શ્રીમાન,

જય ભારત સહ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે,આપના અનુસંધાન પત્ર નં.-૧ તા. ૦૬/૦૨/૨૦૧૭માં કરેલ રજુઆત અંગે નીચે મુજબની માહિતી છે.

| મુદ્દા નં. | વિગત | જવાબ |
|---|---|---|
| ૧ | છ માસિક તેમજ વાર્ષિક ટેક્ષ ભરવાની તારીખોમાં પહેલાં ૭ દિવસની છુટ હતી પણ તે ૭ દિવસોમાં આવતી રજાઓ કે બેન્કની રજાઓ કે રવિવારને ધ્યાનમાં રાખી દર છ મહિને અમો રજુઆત કરવા અને તે મુદત ૧૫થી૨૦ દિવસ સુધી વધારવામાં આવતી.તેથી અમોએ દરેક વખતે આવી રજુઆત કરવાની અને વહીવટીય અગવડતાઓ દુર કરવા સરકારશ્રીને કાયમી ધોરણે મુદત વધારવા વિનંતી કરેલ જે પ્રમાણે દિન-૧૦ ની છુટ આપવામાં આવેલ,પણ ત્યારબાદ ૨ અને ૪ શનિવારે બેન્કોની રજા આવતા તેમજ ૨ રવિવાર તેમજ કોઇ જાહેર રજા આવી જાય તો તે ગાળો દિવસ ૭ થી પણ ઓછો થઈ જતો હોય તેને આર.ટી.ઓ. ઓફિસના કાર્યભાર જોતાં કાયમી ધોરણે દિન-૨૦નો કરવા રજુઆત છે. | ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેરનામા નં. PT/2014/MTA/102010/406/Khતા.૨૬.૫.૨૦૧૪ મુજબ G.M.V .Act 1958 ના સેક્શન ૨૩ની સતાની રૂએ B.M.V. ટેક્ષ રૂલ્સ 1959 ના રૂલ્સ 8 (III) માં સુધારો કરી એપ્રિલ તથા ઓક્ટોમ્બર માસમાં ભરવામાં આવતો કર તા.૦૧ થી ૧૦ સુધીમાં ભરવા અંગે જોગવાઇ કરેલ છે. |

| | | |
|---|---|---|
| ૨ | તા.૦૧/૦૭/૨૦૧૬થી નવા વાહનોના રજીસ્ટ્રેશન થયા બાદ રજીસ્ટ્રેશન બુક કોઇપણ કારણસર આપવામાં આવેલ નથી. તો તે બાબતે યોગ્ય કરી કાયમી ધોરણે ૪૮ કલાકમાં મળે તેવી વ્યવસ્થા કરવા અમારી રજુઆત છે. | સદર બાબતે ટ્રાન્સપોર્ટ વાહનના કિસ્સામાં નોંધણીના દિવસે જ HSRP લગાવ્યા બાદ તે જ દિવસે આર.સી.બુક હાથોહાથ આપવા પ્રથા અમલી બનાવવા અગાઉ સુચના આપેલ છે. આ પ્રથા અવિરત ચાલુ રાખવા માટે અત્રેની કચેરીએથી તા.૦૧/૧૧/૨૦૧૪ના રોજ તમામ RTO/ARTO ને પરિપત્ર ઇસ્યુ કરવામાં આવેલ છે. |
| 3 | ડુપ્લીકેટ પરમીટ મેળવવા એફીડેવીટ કરી અરજી આપી મેળવી શકાય છે,પણ ડુપ્લીકેટ આર.સી.બુક મેળવવા પોલીસ કેસ ફરજીયાત હોય તે ખુબ જ અગવડતા ભર્યું અને સમયનો વ્યય કરનાર બને છે. તેથી ડુલીકેટ આર.સી.બુક માટે પણ આ વ્યવસ્થા દાખલ કરવા રજુઆત છે. | C.M.V. રૂલ્સ 1989 ના નિયમ 53 માં ડુપ્લીકેટ આર.સી.બુક મેળવવા માટે પોલીસ રિપોર્ટ (જાણવા જોગ) કરવામાં આવેલ છે. તથા તેની લેખિતમાં નોંધણી સત્તાધિકારીને જાણ કરવાની જોગવાઇ છે. |
| ૪ | છેલ્લા ૨-૩ માસથી કોમ્પ્યુટરાઇઝ ફીટનેશ સર્ટીફીકેટ આપવા માટે અલગથી રૂ/.૧૦૦/-ફી લેવાય છે,પણ આજ સુધી આવા કોઇ સર્ટીફીકેટ આપવામાં આવેલ નથી.તો તાત્કાલિક ધોરણે તે ફી લેવાની બંધ કરવા અમારી રજુઆત છે. | વાહન સોફ્ટવેરમાં નવા તથા જુના વાહનોના ફીટનેશની કાર્યવાહી કરી નવું ફીટનેશ પ્રિન્ટ કરી સહી કરી અરજદારને આપવા માટે દરેક કર્મચારીઓને અત્રેથી તા.૦૩/૦૧/૨૦૧૫ ના પત્ર દ્વારા અમલ કરવા માટે જણાવેલ છે. |
| ૫ | કેરેજ બાય રોડ એક્ટ ૨૦૦૭ મુજબ ગુજરાત રાજ્યમાં ટ્રાન્સપોર્ટ કંપનીઓને રજીસ્ટર્ડ કરવા બાબતે જે તે આર.ટી.ઓ.માં સત્વરે વ્યવસ્થા કરવા વિનંતી. | આ બાબત ટ્રાન્સપોર્ટ કંપનીઓના કયા રજીસ્ટ્રેશનની છે તે સ્પષ્ટ થતું નથી. |

ખાસ ફરજ પરના અધિકારી

નકલ સવિનય રવાના: અંગત મદદનીશશ્રી, માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, વાહન વ્યવહાર ખાતું (સ્વતંત્ર હવાલો) સ્વર્ણિમ સંકુલ-૧, નવા સચિવાલય,ગાંધીનગર –પત્ર નં.રા.ક.મંત્રી/વા.વ્ય/૧૨૨૫/૨૦૧૬ તા.૧૦/૦૨/૨૦૧૭ અન્વયે.

નકલ સવિનય રવાના: નાયબ સચિવશ્રી,બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં.૨/૯ માળે,ગાંધીનગર

Akhil Gujarat Truck Transport Association

R- 15-2-2017